VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# મિશેલ ફૂકો અને જૂલિયા ક્રિસ્ટીવાના અનુ-સંરચનાવાદી સાહિત્યિક વિચારો

**Aziz Ibrahim Chhrecha**

Hemchandrachary North Gujarat University -Patan
azizchhrecha@gmail.com

અનુ-સંરચનાવાદી વિવેચનમાં એક વધુ વૈચારિક ધારા છે જે આગ્રહ કરે છે કે 'પાઠાત્મકતા' (TEXTUALITY)જ સર્વસ્વ નથી પણ વિશ્વમાં શક્તિના ખેલમાં પાઠની જગ્યાએ 'વિમર્શ' સમાયેલો છે. મિશેલ ફૂકો (MICHEL FOUCAULT)નો મુખ્ય મુદ્દો એ છે કે 'પાઠાત્મકતા'નો સિદ્ધાંત રાજનૈતિક તેમજ સામાજિક શક્તિઓ અને 'વિચારધારા'ને 'અર્થોત્પત્તિ'નું માધ્યમ માનીને એનો દરજ્જો નીચે લાવે છે. હકીકત એ છે કે જ્યારે કોઈ હિટલર, મુસોલિની કે સ્ટાલિન એક આખા રાષ્ટ્રને પોતાના આદેશ મુજબ ચલાવે છે તો આવો 'વિમર્શ' માધ્યમ દ્વારા થાય છે અને એ શક્તિનો નક્કર પ્રભાવ સમાહૃત હોય છે. અહીં એ તો સ્પષ્ટ છે કે ફૂકો પોતાના વિમર્શ સિદ્ધાંત દ્વારા જર્મન દાર્શનિક નીત્શેની અભિનવ વિવૃતિ પ્રસ્તુત કરે છે.

ફૂકોના વિચારધારાત્મક દૃષ્ટિકોણને થોડા શબ્દોમાં સ્પષ્ટ કરવો મુશ્કેલ છે. એણે અનેક પ્રકરણોમાં માકર્સવાદી વિચારકોનું સમર્થન કર્યું છે. પરંતુ એક વિજ્ઞાનના સ્વરૂપમાં એ માર્ક્સવાદ પર આસ્થા ધરાવતો નથી. બલકે એ નીત્શેના નકારવાદની વધુ નજીક છે અને પોતાના વિમર્શની શરૂઆત ત્યાંથી કરે છે, જ્યાં નીત્શે અટક્યો હતો. જેમકે નીત્શેના આશાવાદ સાથે એને કોઈ સંબંધ નથી. ફૂકો માને છે કે સઘળું જ્ઞાન ભંગુર તેમજ અનિત્ય છે.

ફૂકોની પ્રસિદ્ધિનો આધાર એ તથ્ય પર છે કે એણે એવી શક્તિને પડકારી જે પ્રભાવશાળી સત્તા-સંસ્થાનોને પ્રત્યેક સમાજ તેમજ કાળમાં લબ્ધ રહી છે. ફૂંકો કહે છે કે સત્તા ધરાવતા લોકો જ નક્કી કરે છે કે શું કહેવું જોઈએ અને શું નહીં. શતિ એ આકાંક્ષાના દમન માટે જ પ્રયોજાય છે જેમ કે પરા અહમ્ ઈદમને દાબી દે છે. પરંતુ ફૂકો આકાંક્ષાનો પક્ષ લે છે અને એ તત્ત્વોનો જેમને સમાજ પોતાના પરિઘની બહાર રાખે છે. બીજા સંરચનાવાદી વિચારકોની જેમ ફૂકો પણ અહંનો વિરોધી છે. આત્માનું હોવું એને માટે એક પરંપરાગત ધાર્મિક અવધારણા છે, એક મિથ્યા અતીંદ્રિયતા જેનો વિલય થવો જ ઘટે. આ વિચારકો પરાભૌતિકતા તેમજ કોઈપણ પ્રકારના અધિકારની વિરુદ્ધ છે. એ કોઈ વિશ્વેતર નિગૂઢ રહસ્ય પામવા ઇચ્છતા જ નથી જે બ્રહ્માંડના રહસ્યને ઉકેલી શકે કેમકે તેઓ માને છે કે વિશ્વમાં પ્રત્યેક વસ્તુની વ્યાખ્યા સંભવી શકે નહીં.

ફૂંકો (જન્મ 1926) 'કૉલેજ દિ ફ્રાંસ' પેરિસમાં 'હિસ્ટ્રી ઓફ સિસ્ટમ્સ થૉટ'નો પ્રોફેસર હતા, એ દાર્શનિક હતા અને અનેક કૃતિઓનો સર્જક પણ હતા. એમનાં કેટલાંય પુસ્તકોનો અંગ્રેજીમાં અનુવાદ થયો છે. 1984માં ફૂકોનો દેહાંત થયો.

નીત્શેએ કહેલું કે લોકો પહેલાં નક્કી કરે છે કે એમને શું જોઈએ અને પછી તથ્યોને એને અનુરૂપ બીબાંમાં ઢાળે છે. પરિણામે મનુષ્યને વસ્તુઓમાં એ જ દેખાય છે, જે એણે પોતે એમનામાં મૂક્યું છે. ફૂકો આ ચર્ચા આગળ વિસ્તારતાં કહે છે કે સમસ્ત જ્ઞાન એ શક્તિની આકાંક્ષા (WILL TO POWER)નું વ્યંજક છે. આનો અર્થ એમ કે આપણે નિરપેક્ષ યથાર્થ કે વસ્તુનિષ્ઠ જ્ઞાનની વાત ન કરી શકીએ. લોકો કોઈ દર્શન અથવા વૈજ્ઞાનિક સિદ્ધાંતોને ત્યારે જ યોગ્ય રીતે સમજી શકે છે, જ્યારે તેઓ પોતાના યુગનાં રાજનૈતિક તેમજ બૌદ્ધિક સત્તા-સંસ્થાનો અથવા વિચારધારા કે સચ્ચાઈ સાથે સંપર્કમાં રહે અથવા તો તે સમયના પ્રચલિત માનદંડો પર ખરા ઊતરે.

ફૂકો 'વિચારવિમર્શ'ને માનવ-મસ્તિષ્કની મુખ્ય પ્રવૃત્તિ માને છે. એક સામાન્ય સાર્વભૌમ 'પાઠ' સ્વરૂપે નહીં પણ અર્થોત્પત્તિના એક મહાસાગરના સ્વરૂપમાં એને પરિવર્તનના ઐતિહાસિક પાસામાં રસ છે. એ કહે છે કે જે કંઈ કહેવું શક્ય છે તે એક યુગથી બીજો યુગ આવતાં સુધીમાં બદલાઈ જાય છે. વિજ્ઞાનમાં પણ કોઈપણ સિદ્ધાંતને ત્યાં સુધી સ્વીકૃતિ નથી

http://vidyajournal.org

મળતી જ્યાં સુધી એ વિજ્ઞાનનાં સત્તા-સંસ્થાનો અને એમના શાસકીય વ્યાખ્યાકારોની શક્તિગત સંધિથી સામંજસ્ય ઉત્પન્ન ન કરી લે. ફૂકો કહે છે કે મેન્ડેલ (MENDEL) નો પ્રજનન જ્ઞાનનો સિદ્ધાંત 1860માં જરાય આવકાર પામ્યો નહોતો જાણે કે એ વિચારો શૂન્યમાં જ પ્રસ્તુત થયા હતા અને એમને પોતાના સ્વીકાર માટે વીસમી સદીની પ્રતીક્ષા કરવી પડી. એન્જેલનું પ્રસિદ્ધ કથન છે, 'માત્ર સત્ય બોલવું એટલું જ પૂરતું નથી. સત્યની 'ભીતર' હોવું પણ આવશ્યક ' IT IS NOT ENOUGH TO SPEAK THE TRUTH, ONE MUST BE IN THE TRUTH'

ફૂકોએ આરંભનાં વર્ષોમાં 'ઉન્માદ' પર જે કાર્ય કર્યું, એનાં ઉદાહરણો એને કેવળ સાહિત્યમાં જ મળ્યાં. એણે અનુમાન કર્યું કે સમાજના એ સિદ્ધાંતો તેમજ નિયમો જે નક્કી કરે છે કે સામાન્ય શું છે, બુદ્ધિગત શું છે, તે અત્યંત કુશળતાપૂર્વક એ સ્વરોને નીરવ કરી મૂકે છે જે એમના પરિધની બહાર છે. વ્યકિતઓને સામાન્યપણે અકથિત અભિલેખાગારો (UNSPOKEN ARCHIVES)ના નિયમો અને સિદ્ધાંતોનું પાલન કરવું પડે છે. નહિતર એમને ગાંડા ઠેરવી શકાય અથવા ચૂપ કરાવી શકાય. આવું કેવળ અલગ કરીને જ નહીં પણ પરિધને સંકુચિત કરીને પણ થઈ શકે. પછી શિક્ષા-તંત્ર પણ ખરું, જેના પગલે નક્કી કરી શકાય કે શું નકારવા જેવું છે અને શું બુદ્ધિલક્ષી અને જ્ઞાનપ્રદ છે. ફૂકો કહે છે કે ઇતિહાસના વિભિન્ન કાલખંડોમાં જ્ઞાનનાં વિવિધ સ્વરૂપો બન્યાં ખાસ કરીને યૌન-અપરાધ, મનોચિકિત્સા તેમજ ઔષધિ-વિજ્ઞાનવિષયક અને પછી એ સંપૂર્ણપણે બદલાઈ ગયાં. આવાં પરિવર્તનો યુગે યુગે થતાં રહે છે. ફૂકોના મતે ઇતિહાસ એ વિમર્શગત પરિવર્તનોની એક વિશ્લિષ્ટ શૃંખલા છે. શક્તિના દબાણના પરિવર્તનમાન વર્ગોને એ સંસ્કૃતિના અભિલેખાગાર ગણાવે છે અને એમને સકારાત્મક અવચેતનની સંજ્ઞા આપે છે.

ફૂકો એક રસપ્રદ મુદ્દો ઉઠાવે છે કે જ્ઞાનસંક્રમણની પદ્ધતિને સામાન્યપણે કેટલાંક નામ સાથે સાંકળી લેવામાં આવે છે (પ્લેટો, એરિસ્ટોટલ, લોક, હેગલ વગેરે) પરંતુ સંરચનાવાદી સિદ્ધાંતોની રીતિ જે જુદી જુદી જ્ઞાન-સંહિતાઓના તંત્રનું પરિણામ છે તે કોઈ એક વ્યક્તિની ચેતનાના કાબૂની વાત નથી. વિશિષ્ટ જ્ઞાનસંહિતાઓનું કર્મ-નિષ્પાદન અત્યંત જટિલ નિયમો તેમજ સિદ્ધાંતોને સૂત્રબદ્ધ કરે છે જેને લીધે સંસ્થાઓ પ્રશિક્ષણ તેમજ જ્ઞાન-પ્રસારનું કેન્દ્ર બને છે. જ્ઞાનાર્જનનો પ્રયાસ એક અવૈયક્તિક શકિત છે અને આપણે અવચેતનમાંથી બોલીએ છીએ. આપણે પૂર્વવર્તી સત્તાઓના 'અભિલેખાગાર'ને એટલે સમજી શકીએ છીએ કેમકે આપણે એનાથી જુદાં છીએ અને ભિન્ન સમયમાં છીએ. ઉ.ત. જયારે જ્યારે આપણે નવજાગરણકાળના સાહિત્યનું અધ્યયન કરીએ છીએ એની સમૃદ્ધિ તેમજ શબ્દની શકિતનો ઉલ્લેખ કરીએ છીએ.

પ્રત્યેક કાળના વિચારધારાત્મક ઢાંચાને ફૂકો 'એપિસ્ટીમ' (EPISTEME) કહે છે. એના મત મુજબ આપણે એક એપિસ્ટીમની સમાપ્તિ પર છીએ અને બીજી હજી આકાર લઈ રહી છે. જે હસ્તીઓનો એ ઉલ્લેખ કરે છે એમાંનાં કેટલાંક નામ છેઃ ગોયા, નીત્શે, વાનગૉગ, રિલ્કે, સાદ વગેરે. અર્થાત્ નૉર્મલ વ્યફિતના વિચારવિમર્શમાં જે રિક્ત સ્થાનો રહ્યાં હતાં. એમની પૂર્તિ કરનારાઓને ફૂકો નાપાક ઘોષિત કરે છે. એ વ્યક્તિઓનું સ્પષ્વકતૃત્વપણું ફૂકોને સ્પર્શી શક્યું નહીં કેમકે એ પોતે જે કંઈ કહે છે તે અપ્રત્યક્ષરૂપે કહે છે અને પ્રગટ થવા નથી દેતો કે 'કંઈક' પર 'કંઈ નહીં'ની શ્રેષ્ઠતા પુરવાર કરવા પાછળ એનો હેતુ શો છે.

ફૂકો જ્યારે કહે છે કે ઇતિહાસનું વસ્તુનિષ્ઠ જ્ઞાન સંભવ નથી ત્યારે એ નીત્શેનો સમાનધર્મા જણાય છે. ઇતિહાસ-લેખનની પ્રક્રિયામાં ભાષાની અભિવ્યક્તિલક્ષી પ્રણાલીઓ તેમજ અર્થલક્ષી આલંકારિકતાનું મિશ્રણ થશે જ. ઈતિહાસ ક્યારેય વિજ્ઞાનલક્ષી હોઈ શકે નહીં. વળી ઈતિહાસકારો ઈતિહાસને સારગર્ભિતરૂપે રજૂ કરવાના ઉદેશથી ભાષાનાં જે માધ્યમોને પ્રયોજે છે તેને ફૂકો માત્ર શાબ્દિક ક્રીડા માનતો નથી. એ કહે છે કે વિમર્શગત તેમજ તર્કસંગત વક્તવ્યો શકિત-સંઘર્ષના જગતમાં ઉત્પન્ન થાય છે એ ભૂલવું ન જોઈએ. રાજનીતિ, કલા તેમજ વિજ્ઞાનમાં શક્તિ 'વિમર્શ'થી જ આવે છે. 'વિચારવિમર્શ' હિંસા છે, જેને આપણે વસ્તુઓની સાથે યોગ્ય ઠરાવીએ છીએ.'

'DISCOURSE IS A VIOLENCE THAT WE DO TO THINGS'

વિવિધ વિમર્શગત વતવ્યોની વસ્તુલક્ષિતા વિશે જે અધ્યયન થાય છે એ ખોટાં અને નિર્મૂળ છે. વિશ્વમાં કોઈ 'વિચારવિમર્શ' કે ચર્ચા સો ટકા સાચી નથી. ચર્ચા ઓછી કે વધારે બળવાન હોય છે.

'THERE ARE NO ABSOLUTELY 'TRUE' DISCOURSES,ONLY MORE OR LESS POWERFUL ONES'

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

ફૂકોની કોઈપણ કૃતિ જોઈએ તો વિમર્શની ભરમાર મળશે. અને જ્યાં વિમર્શનો ઉલ્લેખ હશે ત્યાં શકિતનો ઉલ્લેખ અવશ્ય હશે. એ સામાન્યપણે સમસ્યાઓને બે પક્ષોમાં વિભાજિત કરી દે છે – એ સમસ્યાઓ જેમનામાં વિમર્શની શક્તિ છે અને બીજી એવી સમસ્યાઓ જેમને વિમર્શનો અધિકાર નથી. 'વિમર્શ' દ્વારા એનો આશય વિચાર, અભિવૃત્તિઓ, દૃષ્ટિકોણ, ધારણાઓ બધું જ છે. જ્યાં સુધી અપરાધ, યૌન કે ગાંડપણનો સંબંધ છે ફૂકો કહે છે કે શક્તિનો વિમર્શ સત્યની સેવાના નામે અજાણ્યાપણું જન્માવે છે અને આ તત્ત્વોને સમાજનું ઉપાજ્ય ચરિત્ર બનાવી દે છે. પરંતુ ફૂકો પોતાના 'વિમર્શ'ના સૈદ્ધાંતિક આધારોને સ્પષ્ટ નથી કરતો, એટલું જ નહીં સ્વયં ફૂકોના વિમર્શનો અધિકાર પ્રશ્નચિહ્ન બનીને રહી જાય છે.

જ્યાં સુધી બૌદ્ધિક ગતિધર્મિતાનો પ્રશ્ન છે ફૂંકો દેરિદા સાથે ક્યાંક ને ક્યાંક સામ્ય ધરાવે છે .દેરિદાએ ભાષાના અર્થને સતત એક આવર્તન આપ્યું છે, અર્થ કયાંય સ્થપાય તેમ નથી. દેરિદાએ અર્થની કેન્દ્રહીનતાનો જે પટ ખોલી આપ્યો છે તે માનવ અભિપ્રાયથી પર છે. જો દેરિદાના પાઠ-સિદ્ધાંતને હેગલની સ્વચાલિત તાર્કિકતાના બંધનથી સ્વતંત્ર કહી શકાય તો ફૂકોના રાજનીતિશાસ્ત્રને પણ હેગલના સ્વચાલિત રાજનૈતિક તંત્રોના ઇતિહાસનું એવું સ્વરૂપ કહી શકાય જે બંધનવિહીન છે.

ફૂકોનો સર્વાધિક પ્રબુદ્ધ અમેરિકન શિષ્ય એડવર્ડ સઈદ છે. ફિલીસ્તાની હોવાના નાતે એ ફૂકોના અનુ-સંરચનાવાદી વિવેચન પ્રત્યે, જે નીત્શેના પ્રભાવથી રંગાયેલો છે, વિશેષ આકર્ષણ અનુભવે છે કેમકે એના માધ્યમથી એડવર્ડ વિમર્શગત તેમજ તર્કપુષ્ટ સંભાષણના સિદ્ધાંત (THEORY OF DISCOURSE)ને રાજનૈતિક તેમજ સામાજિક સંઘર્ષની બરાબર વચ્ચે જોડી શકે છે. એની અત્યંત મહત્ત્વની કૃતિ 'ઓરિએન્ટાલિઝમે' (1978) પાશ્ચાત્ય પ્રાચ્યવિદોની માનસિક અભિવૃત્તિઓને જે રીતે અનાવૃત કરી છે એના પ્રભાવોને આઘાતજનક જ કહી શકાય. એણે તર્કસંગત ચર્ચા કરી છે કે કઈ રીતે પેઢી દર પેઢીએ પ્રાચ્યવિદોએ પૂર્વની છબિને પશ્ચિમના લોકોની નજરમાં ઝાંખી પાડી અને પૂર્વની વૈચારિક, સાહિત્યિક, આધ્યાત્મિક તેમજ સાંસ્કૃતિક પૂંજી અને બૌદ્ધિક વૃત્તિઓને ખોટી રીતે રજૂ કરી. એડવર્ડ સઈદે એનો સંબંધ પશ્ચિમી સામ્રાજ્યના સત્તાવાદી વિમર્શ સાથે જોડયો છે અને વ્યાપક સ્તરે પડકાર ફેંક્યો છે કે કઈ રીતે પશ્ચિમ આપણા પ્રાચ્યજ્ઞાનને પોતાને અનુકૂળ એવા ઢાંચામાં ઢાળતું રહ્યું પણ એના મૂળને મિટાવતું રહ્યું. ફૂકોના સિદ્ધાંતોના તર્કને આગળ વધારતાં એડવર્ડ સઈદ કહે છે કે પ્રત્યેક 'વિમર્શ' શક્તિ ધરાવે છે. તેમજ અસંમતિ પણ પ્રેરી શકે છે.

સાહિત્યના વિવેચકની શક્તિ વિશે એડવર્ડ સઈદ કહે છે કે ‘જ્યારે આપણે કોઈ વિવેચનાત્મક લેખ લખીએ છીએ ત્યારે સાહિત્યિક પાઠ તેમજ ભાવક સાથે આપણો જે પણ સંબંધ હોઈ શકે એમાંથી કોઈ એક અથવા એક કરતાં વધારે દૃષ્ટિકોણોને આપણે અપનાવીએ છીએ. વિવેચન એ સાહિત્યિક પાઠ તેમજ ભાવકની વચ્ચે હોઈ શકે અથવા તો બેમાંથી કોઈ એકનો પક્ષ લેશે. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યના સંદર્ભે એ કહે છે કે વિવેચક અતીતના પાઠનું અધ્યયન નિષ્ક્રિય સ્વરૂપે એના એકપક્ષીય અર્થને રજૂ કરીને કરી શકતો નથી. એ વર્તમાન યુગના ‘અભિલેખાગાર’ની ભીતર પ્રવેશીને, અર્થાત્ એ અપેક્ષાઓ તેમજ આવશ્યકતાઓ અવગણીને જેમને શક્તિની રમતે ઉત્પન્ન કરી છે, લખી શકતો નથી. એટલે કે પાઠનાં અપાઠ્ય (NON TEXTUAL) તત્ત્વોની એડવર્ડ સઈદના કથનાનુસાર અવજ્ઞા કરી શકાય જ નહીં.

ફૂકો પછી જૂલિયા ક્રિસ્ટીવાનું વિશેષ પ્રદાન સાહિત્યિક અર્થવિજ્ઞાનમાં છે : LA REVOLUTION DU LANGUAGE POETIQUE (1974) બાર્થથી વિપરીત જૂલિયાનો કાવ્યભાષાનો સિદ્ધાંત મનોવિશ્લેષણ પર આધારિત છે. એ પ્રત્યેક માનસિક અભિવૃત્તિના મૂળને તાગવા ઇચ્છે છે. જેના નિમિત્તે પ્રત્યેક ઉચિત તેમજ વ્યવસ્થિત ગણાતી વસ્તુએ અનૌચિત્ય તેમજ વિચ્છિન્નતાના સંકટનો સામનો કરવાનો રહે છે.

પાશ્ચાત્ય ચિંતનમાં સદાય એક એકીકૃત વ્યકિત (UNIFIED SUBJECT)ની આવશ્યકતા પર ભાર મુકાય છે. કોઈપણ વસ્તુને ત્યાં સુધી પૂરેપૂરી જાણી શકાતી નથી, જ્યાં સુધી એકીકૃત ચેતના વિદ્યમાન ન થાય, જેના માધ્યમ દ્વારા બોધની પ્રક્રિયા સંભવે છે. એ ચેતના એક સકેન્દ્રિત લેન્સ સમાન છે અને એ લેન્સ વગર કોઈ વસ્તુ સ્પષ્ટપણે દેખાતી નથી. જૂલિયા ક્રિસ્ટીવા કહે છે કે સંઘર્ષ જેના દ્વારા 'એકીકૃત વ્યક્તિ' (માનવ-મસ્તિષ્ક) વસ્તુઓ તેમજ તેમના યથાર્થને જાણે છે, એ ભાષાનો વાક્ય-વિન્યાસ (SYNTAX) છે. એક સંઘટિત વાક્ય એ સંઘટિત માનસની ઓળખ છે તેમજ માનવ-ચેતના પ્રત્યેક વસ્તુ

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

પર અધિકાર ધરાવતી નથી. એ નિરંતર કેટલાંક વિનાશકારી તત્ત્વો દ્વારા ઘેરાયેલી રહે છે. જૂલિયા ક્રિસ્ટીવાના મત મુજબ એ વિનાશકારી તત્ત્વોને ત્રણ વિભાગોમાં વહેંચી શકાય છેઃ (૧) આનંદ (અર્થાત્ મદિરા, યૌનાચાર, નૃત્ય-સંગીત) (૨) હાસ્ય તેમજ (૩) કાવ્ય. વિશ્વાસુ તેમજ અજેય દાર્શનિકો જેમ કે પ્લેટો જેવાએ આ વિધ્વંસક તત્ત્વોને સદાય દબાવી રાખવાનો પ્રયાસ કર્યો. આ બધાંને જો એક જ વર્ગમાં મૂકવાં હોય તો એમને આકાંક્ષા (DESIRE) કહી શકાય. અહીં બૌદ્ધ દર્શન સાથેનું સામ્ય સ્પષ્ટ છે. બૌદ્ધ દર્શનમાં પણ આકાંક્ષા અથવા વાસના કેન્દ્રસ્થાને છે. પરંતુ આ દર્શને બુદ્ધિસમ્મત પ્રક્રિયાના આઠ સિદ્ધાંતો (અષ્ટ માર્ગ) સ્થાપીને મિતાચારનો માર્ગ બતાવ્યો. આકાંક્ષા પર પ્રતિબંધ મૂકવાને બદલે બીજા સામાજિક નિયામકોની સાથે એના ક્રિયાશીલ થવાના અર્થાત્ અન્યોન્યક્રિયા (INTERPLAY)નો સિદ્ધાંત એ સમય અનુસાર અત્યંત રેડિકલ દૃષ્ટિકોણ હતો — જેનું કોઈ દૃષ્ટાંત પશ્ચિમના નિયમબદ્ધ પ્યૂરિટન દર્શનમાં નથી મળતું. જૂલિયા ક્રિસ્ટીવા કહે છે કે આકાંક્ષાની વિધ્વંસક શક્તિ તેમજ વિઘ્નકારિતા સાહિત્યિક અભિવ્યક્તિ દ્વારા સામાજિક વ્યંજકો સુધી પહોંચે છે. એનો મૂળ મુદ્દો એ છે કે કાવ્યભાષાનાં પરિવર્તનો પરથી જણાય છે કે નવા વ્યક્તિવાદી બૌદ્ધિક દૃષ્ટિકોણ પ્રભુત્વશાળી સામાજિક વિમર્શના આધારોને અંદરથી જ બોદા બનાવી મૂકે છે. એનો અર્થ એવો પણ ખરો કે વ્યક્તિ (માનવ મસ્તિષ્ક) એ કેવળ કોરું પાનું નથી જે પોતાની સામાજિક અથવા યૌનગત ભૂમિકા માટે પ્રતીક્ષારત રહે છે. બલકે એ પ્રત્યેક ક્ષણે સંઘર્ષરત રહે છે એટલું જ નહીં એ જે કંઈ છે એથી વધુ હોવાની યોગ્યતા પણ ધરાવે છેઃ

'The subject is in process and is capable of being other than it is.' (પૃષ્ઠ 79)

ક્રિસ્ટિવા સામાન્ય તેમજ 'કાવ્યગત' સંબંધની એક જટિલ મનોવૈજ્ઞાનિક વ્યાખ્યા પ્રસ્તુત કરે છે. માનવ મસ્તિષ્ક આરંભથી જ એવું સ્થાન છે જ્યાં શારીરિક અને મનોવૈજ્ઞાનિક હલચલ સતત થયા કરે છે, એ હલચલ ક્રિયાશીલ રહે એ માટેનું મંથન ચાલ્યા કરે છે. પરિવાર તેમજ સમાજનાં બંધનો ક્રમશઃ આ મંથનને વ્યવસ્થા પ્રદાન કરે છે. ભાષા-પૂર્વેના પડાવમાં અવ્યવસ્થિત ચેષ્ટાઓ, સંકેતો, સ્વર ધ્વન્યાત્મક આરોહ-અવરોહ એ સંકેત-વિજ્ઞાનલક્ષી સામગ્રીનો કોશ ઉપલબ્ધ કરી આપે છે, જે ભાષા પર અધિકાર આવતાં અને વયસ્ક થવા છતાં મનુષ્યની ભાષા-પ્રક્રિયાની ભીતર આંદોલિત રહે છે. આ સંકેત-વિજ્ઞાનલક્ષી કોશની ગતિવિધિનું અનુમાન કેવળ સ્વપ્નમાં થઈ શકે જેમાં અસંબદ્ધ ને તર્કહીન બિંબોનું આધિપત્ય હોય છે.

માલાર્મે અને લોત્રેમૂનાં કાવ્યોમાં સ્વરોનો આ લય તેમજ આરોહ-અવરોહ અવચેતનથી મુક્ત થઈ જાય છે (લકાં માને છે કે આ જ અવચેતન છે.) ક્રિસ્ટીવા કાવ્યમાં સ્વરોના પ્રયોગને આરંભિક યૌનલક્ષી ઉત્પ્રેરકો સાથે જોડે છે. 'મામા' તેમજ 'પાપા'ની સંજ્ઞાઓમાં પણ ગેયાત્મક 'મ' ઊભયોષ્ઠય 'પ'ની પ્રતિદ્વંદ્વિતામાં છે. એ કહે છે કે 'મ'નો ધ્વનિ માની મુખ-કામુકતા (ORALITY) તેમજ 'પ'નો ધ્વનિ પિતાની વાસનાલક્ષિતા (ANALITY) સાથે સંકળાયેલ છે.

ક્રિસ્ટીવાની ક્રાંતિની અવધારણા એ છે કે પાયાનું સામાજિક પરિવર્તન સત્તાવાન વિમર્શમાં વિધ્વંસ તેમજ વિઘ્નકારિતાની પ્રક્રિયા પર અવલંબે છે. કાવ્ય-ભાષા સમાજમાં સંહિતાબદ્ધ તેમજ બંદીવાન એવા પ્રતીકાત્મક તંત્રમાં સંકેતલક્ષી વિનાશકારિતાના સ્વતંત્રગમન (ખુલ્લા વિવેચન) નો માર્ગ મોકળો કરે છે. અવચેતન જેને ઇચ્છે તેને કાવ્ય-ભાષા સમાજમાં તેમજ સમાજની વિરુદ્ધ મૂકી શકવા સમર્થ છે. ક્રિસ્ટીવાને વિશ્વાસ છે કે સામાજિક તંત્ર જ્યારે વધુ સંહિતાબદ્ધ, વધુ સંકુલ બનશે ત્યારે નવી કાવ્ય-ભાષાના માધ્યમ દ્વારા ક્રાંતિ લાવી શકાશે. જોકે એની એવી આશંકા પણ ખરી કે રૂઢિચુસ્ત વિચારધારા પ્રત્યેક નવી વસ્તુને અપનાવીને એનો કાંટો કાઢી નાખે છે. આથી શક્ય છે કે કાવ્યગત ક્રાંતિનો પણ રૂઢિચુસ્ત વિચારધારા એક સુરક્ષાવાલ્વ સ્વરૂપે ઉપયોગ કરે, એ દબાયેલી અશાંતિના નિવારણ માટે જે સામાન્ય રીતે સમાજમાં માન્ય નથી.

આ ચર્ચાથી એટલું તો સ્પષ્ટ થયું હશે કે સંરચનાવાદી વિચારકોની સમગ્ર યાત્રા એ દિશામાં હતી કે પાઠ પર અધિકાર જમાવાય અને એનાં રહસ્યોનો મર્મ પામી શકાય. અનુ-સંરચનાવાદી વિવેચકોએ તર્કસંગત ચર્ચા દ્વારા જણાવ્યું કે આ આકાંક્ષા અપ્રાપ્ય છે કેમકે એની અવચેતન, ભાષાકીય તેમજ ઐતિહાસિક શક્તિઓ એવી છે જેના પર નિયંત્રણ લાદી શકાય તેમ નથી. 'સંકેતક' 'અર્થ'ની ઉપરથી ખસી જાય છે, આહ્લાદ અને આનંદની અવસ્થા (JOUISSANCE) અર્થને

http://vidyajournal.org

વિઘટિત કરી મૂકે છે, સાંકેતિક તંત્ર ભાષાના પ્રતીકાત્મક તંત્રમાં અવરોધ ઊભા કરે છે, વિભેદ તેમજ મતભેદ (ડિફરન્સ) 'સંકેતક' તેમજ 'અર્થ'ની વચ્ચે અવકાશ ઉત્પન્ન કરે છે અને 'શક્તિ' જ્ઞાનની સુવ્યવસ્થિત માંડણીને ઉપરતળે કરી નાખે છે. એટલે જ અનુ-સંરચનાવાદી વિવેચકો જવાબ આપવાને બદલે સવાલો કરે છે, પાઠ શું કહે છે, શેનો દાવો કરે છે એના પર જ એમની નજર રહે છે. તેઓ ક્યારેય એવો પ્રયાસ જ નથી કરતા કે ખેંચતાણ કરીને અર્થનું એકત્વ સ્થાપવામાં આવે. જોકે અનુ-સંરચનાવાદી વિવેચકો કોઈ પરિણામ સુધી પહોંચતા નથી એ વાત જરૂર મૂંઝવે છે. પરંતુ તેઓ ‘શબ્દકેન્દ્રિતા' (લોગોસેન્ટ્રિઝમ)નો શિકાર ન થતાં પોતાના દૃષ્ટિકોણ પર દૃઢ છે. તેઓ સ્વીકારે છે કે ગમે તેટલા પ્રયત્નો કરે એવું પુરવાર કરવા કે ‘પોતે કોઈ દાવો કરતા નથી’ પરંતુ તેઓ એનાથી બચી શકતા નથી. લોકો તો વિચારવાના જ કે આ વિવેચકો કંઈક તો કહે છે જ.

## સંદર્ભગ્રંથ


1. JACQUES LACAN, ECRITS (PARIS 1966); ENGLISH TRANSLATION, ECRITS: A SELECTION (LONDON AND NEW YORK, 1977).
2. JACQUES LACAN, LE SEMINAIRE:
   LIVRE I: (PARIS 1975)
   LIVRE II: (PARIS 1978)
   LIVRE XI: ENGLISH TRANSLATION, THE FOUR FUNDAMENTALS
   CONCEPTS OF PSYCHOANALYSIS (LONDON 1977. NEW YORK 1978)
   LIVRE XX: ENCORE (PARIS 1975).
3. MICHEL FOUCAULT, MADNESS AND CIVILIZATION: A HISTORY OF INSANITY IN THE AGE OF REASON (PARIS 1961); (LONDON 1971, NEW YORK 1973).
4. MICHEL FOUCAULT, THE BIRTH OF THE CLINIC: AN ARCHAEOLOGY OF MEDICAL PERCEPTION (PARIS 1963); (LONDON AND NEW YORK 1973).
5. MICHEL FOUCAULT, THE ARCHAEOLOGY OF KNOWLEDGE (PARIS 1969); (NEW YORK 1972) (LONDON 1974) MICHEL FOUCAULT, THE DISCOURSE ON LANGUAGE; INCLUDED AS APPENDIX TO THE ARCHAEOLOGY OF KNOWLEDGE (SEE ABOVE).
6. MICHEL FOUCAULT, DISCIPLINE AND PUNISH: THE BIRTH OF THE PRISON (PARIS 1975); (LONDON 1977, NEW YORK 1978).
7. MICHEL FOUCAULT, THE HISTORY OF SEXUALITY, VOL. I (PARIS 1976); (NEW YORK 1978, LONDON 1979).
8. EDWARD SAID, ORIENTALISM, NEW YORK 1978.
9. EDWARD SAID, THE WORLD, THE TEXT AND THE CRITIC (CAMBRIDGE, MASS, 1983).
10. ROBERT YOUNG, UNTYING (ED), THE TEXT: A POSTSTRUCTURALIST READER (BOSTON, LONDON AND HENLEY 1981).
11. CATHERINE BELSEY, CRITICAL PRACTICE, LONDON 1980.
12. RAMAN SELDEN, CONTEMPORARY LITERARY THEORY, SUSSEX 1985, PP. 79-84, 98-102.
13. JOHN STURROCK (ED.) STRUCTURALISM AND SINCE, OXFORD 1979, PP.81-115, 116-153.


http://vidyajournal.org